## ડાયરેક્ટ ❤ સે

સમય
દરેક સમયને
બદલી નાંખે છે,
બસ, સમયને
સમય આપો

## જન્મદિને વધામણી




**જિજ્ઞેશ રાવલ**
વિશિષ્ટ શિક્ષક
પ્રમુખ, ગ્રો ફાઉન્ડેશન
ડિરેક્ટર, જી ઈ ક્લબ
ફર્સ્ટ એઈડ ટ્રેનર, રેડક્રોસ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



**ભવ્યા રાજન શાહ**
મો. ૯૭૨૩૨ ૧૪૦૧૪



**ગુલાબચંદ એન પટેલ**
કવિ, લેખક, અનુવાદક
વ્યસનમુક્તિ અભિયાન પ્રણેતા
મો. ૯૯૦૪૪ ૮૦૭૫૩



**સુનિલ રવિસિંહ રાજપૂત**
મો. ૯૩૭૪૬૨૮૮૮૩

# નેશનલ ટે ક્વોન ડો ગેમ્સમાં ગાંધીનગરની ટીમને ૬ મેડલ



ગાંધીનગર ટે-ક્વોન-ડો એસોસિએશનના ખેલાડીઓએ તાજેતરમાં રાજીવ ગાંધી સ્ટેડિયમ, નવી દિલ્હી ખાતે પાંચમી નેશનલ ટે ક્વોન ડો ગેમ્સમાં ભાગ લઈ ૬ મેડલ પ્રાપ્ત કર્યા હતા અને શહેર તથા રાજ્યનું નામ રોશન કર્યું હતું. આ સ્પર્ધામાં કુલદિપ વાઘેલાએ ગોલ્ડ, દિવ્યા પરમાર, જય મુનિ વાડોદરા, એસ રિશિનંદને સિલ્વર અને હર્લી નિનામા તથા એસ ઈશ્વરે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ટીમનું નેતૃત્વ કોચ રોનક કંસારાએ સંભાળ્યું હતું. તાલીમ કોચ જતીન દવેએ ટીમને તાલીમ આપી હતી. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને આ જ્વલંત વિજય બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રેરણા વિદ્યાલયનાં ભૂલકાઓ પિકનિકમાં





સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયનાં જુનિયર કેજી અને સિનિયર કેજીનાં ભૂલકાંઓ માટે એક દિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને સૅક્ટર-૨૮ના બાલોદ્યાનમાં પિકનિક માટે લઈ જવામાં આવ્યા હતા. અહીં હિંચકા, ચકરડી, લપસણી તથા વિવિધ રાઈડ્સની મજા બાળકોએ માણી હતી અને ટૉય ટ્રેનમાં મુસાફરી કરવાનો આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો. પિકનિક દરમિયાન બાળકોને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. સમગ્ર પિકનિકનું આયોજન અને સંચાલન હિનાબેન ત્રિવેદી અને મનિષાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આદર્શ નિવાસી શાળા ખાતે ઊર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારના ક્લાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આદર્શ નિવાસી શાળા (અજા કુમાર), સૅક્ટર-૮, ગાંધીનગર ખાતે ઊર્જા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિસર્ગ સૅન્ટરના હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણા દ્વારા આ સેમિનાર અંતર્ગત ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રોજેક્ટર દ્વારા ઊર્જા વિશેની પ્રસ્તાવના, ઊર્જા એટલે શું ? ઊર્જાના સ્રોતો, ઊર્જાની બચત, ઊર્જાના કરકસરભર્યા ઉપયોગો, પૃથ્વી પર પ્રાપ્ય ઊર્જાનો જથ્થો તેમજ ઊર્જા ઉત્પત્તિનાં મથકોની જાણકારી સુંદર રીતે આપવામાં આવી હતી. આ ઉપરાંત આ તમામ બાબતોની વિસ્તૃત જાણકારી મળી રહે તે માટે ફોટો પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું, જેનો લાભ શાળાના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ લીધો હતો. ત્યારબાદ ઊર્જા શક્તિ વિશેની દસ મિનીટની ટેલિફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. એક રાઉન્ડમાં ૧૫ પ્રશ્નો એમ ત્રણ રાઉન્ડની આ સ્પર્ધા રાખવામાં આવી હતી. પ્રશ્નોના સાચા ઉત્તારો પાઠવનાર વિદ્યાર્થીઓને ઈનામરૂપે પૅન આપવામાં આવી હતી.

આ સુંદર અને ઉપયોગી આયોજન બદલ શાળાના આચાર્ય જી કે સોલંકી દ્વારા આયોજક સંસ્થાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# આર એન પટેલ પ્રાઈમરી શાળા દ્વારા પ્રવાસ





## વિદ્યાર્થીઓએ કૅપિટલ રેલવે સ્ટેશન અને મધુર ડેરીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી શાળાના ધોરણ-૫ના કુલ ૮૦ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે ગાંધીનગર કૅપિટલ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી.

સ્ટેશન ટિકિટ લઈ પ્લૅટફૉર્મ પર ઊભેલી ટ્રેન શાંતિ ઍક્સપ્રેસમાં વિદ્યાર્થીઓ પ્રવેશ્યા હતા અને ટ્રેન વિશેની વિગતો તેમણે પ્રાપ્ત કરી હતી. રેલવે એ ભારતમાં પરિવહન માટેનો સૌથી સસ્તો વિકલ્પ છે એવી માહિતી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ હતી. તેમણે રેલવેનો ઈતિહાસ, પ્લેટફૉર્મની જાણકારી, ટિકિટબારી, રિઝર્વેશન અને ટ્રેનોમાં મળતી સગવડો તેમજ રાખવી પડતી સાવચેતી બાબતે પણ ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત કરી હતી.

એ પછી વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૬ ખાતે સ્થિત મધુર ડેરીની મુલાકાત લીધી હતી. અહીં ગામડાઓમાંથી એકત્ર થઈને આવતા દૂધથી માંડીને, તેની પ્રોસેસ અને વિવિધ ચીજોના ઉત્પાદન સુધીની સઘળી કામગીરી તેમણે રસપૂર્વક નિહાળી હતી. ડેરીનાં પ્રતિનિધિ ફુલાબેન રાઠોડ દ્વારા સઘળી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી અને તેમના દ્વાર પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

વિદાય પહેલાં વિદ્યાર્થીઓને ડેરી તરફથી ફ્લેવર્ડ મિલ્ક પણ ભેટ ધરવામાં આવ્યું હતું. શિક્ષક પ્રકાશભાઈ પટેલ, ખુશ્બુબેન પટેલ અને મેઘાબેન દવેએ આ પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે રહી તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# આરજી-ઍસબી પટેલ શાળા દ્વારા પ્રવાસ

ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯થી ૧૨ની ૩૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ આ આયોજન અંતર્ગત ભૂજ, અંજાર, માંડવી જેવાં સુંદર સ્થળોની મુલાકાત લીધી હતી. ભૂજનો પ્રાગમહેલ, આયના મહેલ, મ્યુઝીયમ, વિજય વિલાસ પેલેસ, ભૂજોડી, રણોત્સવ, સ્વામીનારાયણ મંદિર, ગોધરાનું અંબે ધામ મંદિર, માંડવી બીચ જેવાં સ્થળોની મુલાકાત ઉપરાંત કચ્છની હસ્તકલા, ભરતગૂંથણ, ગૃહઉદ્યોગ, સ્થળોની વિશેષતા અને કચ્છના આર્થિક વિકાસ અંગે પણ વિદ્યાર્થીનીઓએ વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી. પ્રવાસ બાદ વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રવાસનો અહેવાલ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. શાળા દ્વારા સાપુતારાના પ્રવાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૫૩ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. સાપુતારા ખાતે અલગ અલગ પોઈન્ટ, ઈકો ગાર્ડન, રોઝ ગાર્ડન, ટેબલ પોઈન્ટ, ગણેશ ટેમ્પલ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ જેવાં સ્થળો વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક નિહાળ્યાં હતાં. અહીં તેમને અરણ્ય સંસ્કૃતિ અને કુદરતી રમણીયતા માણવાની તક પણ મળી હતી. ગુલાબી ઠંડી વચ્ચે આ સુંદર પ્રવાસ વિદ્યાર્થીનીઓ માટે યાદગાર બની રહ્યો હતો.

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ સ્કાઉટ ગાઈડ રેલીમાં ઝળકી





ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની સ્કાઉટ ગાઈડ ટીમની વિદ્યાર્થીની બહેનોએ અભિનવ પ્રાથમિક શાળા, માણસા ખાતે આયોજિત ભારત સ્કાઉટ ગાઈડની જિલ્લા રેલીમાં સામેલ થઈને છાવણી નિરીક્ષક, કેમ્પ ફાયર, અવલોકન જેવી સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીનીઓ કેમ્પ ફાયરમાં પ્રથમ તથા છાવણી નિરીક્ષકમાં તૃતિય સ્થાને વિજેતા બની હતી, જે બદલ ગૌરવ અનુભવતાં શાળા પરિવાર વતી આચાર્ય નીરૂબેન જે પટેલે વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં માર્ગદર્શક તરીકે શાળાનાં સ્કાઉટ ગાઈડ માસ્ટર સરિતાબેન ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં.

# આગામી બજેટમાં નવાં પરિમાણો ઉમેરવાં આવશ્યક

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



સમાજ અને રાષ્ટ્ર ગમે તે હોય પરંતુ આર્થિક સાનુકૂળતા વિના પ્રજા સુખ કે શાંતિનો અહેસાસ કદી પણ કરી શકે જ નહીં. લોક જીવન પણ ઉત્સવોને બાદ કરો તો માત્ર ઢસરડો અને તણાવથી વિશેષ કાંઈ જ નથી. આર્થિક દૃષ્ટિએ જ બધાંની મૂલવણી-ચકાસણી-ગણતરી થતી હોય ત્યારે લોકો નાછૂટકે પણ નાણાંના ગુલામ થઈને જ રહે છે. અત્યંત આકરી આજીવિકા જીવનશૈલી બની જાય તો આ સમાજ સ્વયંનું મૂલ્ય પણ ખોઈ બેસે છે.

પક્ષીઓ ઊડી ગયા બાદ તેના ખાલી માળા કેમ ગમે ? ચહલપહલ તો ટહૂકાઓની જ હોય છે. સ્વર ગયો કે શબ્દ તૂટી પડે અને મૌન મૌનીનું નહીં, વિષાદયોગનું દેખાય ત્યારે વ્યક્તિ ગમે તેવી ધનવાન હોય તો પણ અતિ પીડિત થઈ જાય છે. શબ્દ બ્રહ્મની શક્તિ છે પણ એની તાકાત તો માણસની આર્થિક સ્તરની સપાટી સાથે અવિરત જોડાયેલી જોવા મળે છે. ભારતમાં લોકો જલસા કરી લેવાની વૃત્તિ ધરાવતા થઈ ગયા છે, તેના મૂળમાં સાચુકલું સુખ નથી પરંતુ અતૃપ્તિ અને અજંપો રહેલાં છે. અને વિવિધ પ્રકારના સામાજિક આંદોલનોના પાયામાં પણ આ ઘટના જ રહેલી હોય છે. સરકારનો ઉમદા મંત્ર વિકાસનો રહ્યો છે પરંતુ સૌનો વિકાસ મેળવવો એ લાંબી સફરની સફળતા છે. હવે બજેટ નજીક આવી રહ્યું છે ત્યારે જનજીવનમાં આર્થિક હળવાશ ઊભી થાય તેવા પ્રકારનાં પગલાંની અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય ! અત્રે એ યાદ રાખવું જ પડે કે બજેટ એ આવક-જાવકનાં પૂર્વાનુમાનો અને જોગવાઈઓ જ હોય છે. રૂપિયો ક્યાંથી આવશે અને તે ક્યાં વપરાશે તેની એક રૂપરેખા જ હોય છે. બજેટ પછી અમલીકરનો દોર કેટલાક સમય બાદ અને સમક્ષી પણ થવી જોઈએ, જેથી હકિકત પ્રજા સમક્ષ આવી શકે.

બજેટમાં થોડાં ઉદારતાંવાળાં પગલાં ભરવાનો સમય આવી ગયો છે. પ્રથમ, આવકવેરાની મર્યાદામાં વૃધ્ધિ કરવી પડે તેમ છે. સાથે સિનિયર સિટિઝન્સની લિમીટ પણ વધારવી જરૂરી છે. રિયલ એસ્ટેટ મંદીના માહોલથી બહાર નીકળ્યું નથી, તેના માટે હાઉસિંગ લોન સંબંધિત કેટલીક જાહેરાતો તથા અમલ અત્યંત જરૂરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ધાર્યા મુજબ સફળતા હજી પ્રાપ્ત થઈ નથી તે પણ બજેટ વખતે ધ્યાનમાં રાખવું પડશે. નાની નાની બચતોને બજેટથી જીવંત રાખવાની તકેદારી લેવી પડશે. બચતો વિના સમાજ કદી સુખના રસ્તે જઈ શકે તેમ નથી, બચત વ્યાજ દર ઉમદા રચવું એ સમયની માગ છે. નકામી જણાતી સ્કીમોને બંધ કરી શકાય છે. સસ્તા કરવા જેવાં ક્ષેત્રોની યાદી આ રહી...

વીજળી, ટેલિફોન, મુસાફરી ખર્ચ, જીવનરક્ષક દવાઓ તથા સવલતો, ખાદ્ય સામગ્રી, શિક્ષણ ફી, પેટ્રો પદાર્થો, ટ્રેનનાં ભાડાં, ઉડ્ડયન ભાડાં, દૂધ, અનાજ, ફળો, શાકભાજી, સ્ટેશનરી, તેલ-ઘી, સાબુ, કપડાં, મસાલા, હોટેલ ખર્ચ વગેરે.

આ બધાંમાં ખમી શકે એટલો બોજો જ લાદવો જોઈએ. બજેટથી જે કરવા ધારો તે થઈ શકે છે તેમાં પ્રશાસની દાનતનો સવાલ વધુ મહત્ત્વનો છે. જીએસટીના દરોમાં પણ હજી સુધારા-વધારા કરવાનો અવકાશ છે. પ્રાથમિક શિક્ષણથી પણ ભારતના નવયુવકો વંચિત થવા માંડે તેવી વાતથી મનને ગ્લાનિ જરૂર થાય છે. સાધનોની કમી નથી પણ સવાલો ઉકેલવામાં ઝડપ નથી એટલે પ્રજાનો રોષ વ્યાપક જોવા મળે છે. કૃષિક્ષેત્રના તો હજારો સવાલો છે, તેની ચર્ચા કરવી નથી કેમ કે તે હવે બધાંને ખબર છે. કૃષિકારોની આવક બમણી થાય તો ઘણું મળી ગયું કહેવાય. ડિજીટલ ઈન્ડિયાનો ઉદ્દેશ માત્ર ટૅક્સ ચોરી જ પકડતા રહેવું એવું કદી ના હોય. ડિજીટલ ઈન્ડિયાથી પ્રજાને આર્થિક ભીંસમાં રાહત પણ આપી જ શકાય છે. બેન્ક ચાર્જિસ વધવા ના જોઈએ તથા બચતો ઉપરનું વ્યાજ તબક્કા મુજબ ટૅક્સમાંથી બાકાત કરવું જ પડે તેમ છે. બધા જ વ્યવહારોમાં ટૅક્સ હોય એવું જરૂરી હોતું નથી.

ફ્લેક્સી ભાડા પધ્ધતિ જ્યાં પણ ચાલે છે, તેનો અંત આણી દેવો જરૂરી છે. ડિઝલ-પેટ્રોલને જીએસટીના દાયરામાં લાવવા પણ ખૂબ આવશ્યક છે. વિકાસ કરવો હોય તો વિકાસના પ્રવેશ માટેના રાજમાર્ગ ઉપર ઊભેલા લૂંટારુઓને હટાવવા તો પડશે ને ? ભારતભરના બધા જ ટોલનાકાઓ ઉપર સમાન ધોરણે લઘુત્તમ ફીનો અમલ થવો જરૂરી છે. અહીં તો જબરી લૂંટ ચાલે છે, પછી પબ્લિક તો શું કરે ? તમામ મોટી હોસ્પિટલોને રેટિંગ આપો અને તે મુજબ જ તમામ ચાર્જિસના દર જાહેર કરો એટલે લોકો આર્થિક રીતે મરતાં અટકી શકે. આરોગ્ય તથા ઍજ્યુકેશન ક્ષેત્રમાં પાયામાંથી સુધારાઓ કરવાના દિવસો આવી જ ગયા છે. બધાં ક્ષેત્રોમાં એફડીઆઈને છૂટ આપો ત્યારે નવાં જૉબમાં ભારતના યુવાધન માટેનું પ્રમાણ પણ ફિક્સ કરો. અન્યથા આમાં 'બધાનો સાથ ને વિકાસ' એક બાજુ પડ્યો જ રહેશે. વિવિધ કાર્ડનો નાશ કરો, માત્ર એક જ કાર્ડ સર્વસામાન્ય-ડિજીટલ હોય તેને અમલી બનાવો. તમાકુના ઉત્પાદનને પ્રતિબંધિત જાહેર કરો. બજેટમાં આ બધાં જ ક્ષેત્રો ઉપર કાયદાથી અમલ કરાવી જનહિત ઊભું કરો.




**શેર આસ્વાદ**

મૈં શૂન્ય હૂં
મુઝે પીછે હી રખના
મેરા ફર્ઝ સિર્ફ
આપકી કિમત બઢાના હૈ